નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતી

# તુ રંગાઈ જા ને રંગમાં

૭

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)



પૂર્ણાનંદ પ્રકાશન
અમદાવાદ

વ્હાલા બાળકો !

'તું રંગાઈ જાને રંગમાં' પુસ્તિકાનો સાતમો અંક તમોને મળી રહ્યો છે. છ અંકની ૪૮ વાર્તાઓ અને ૪૮ ચિત્રોમાં રંગ પૂરીને તમારુ જીવન પણ અદ્‌ભૂત રંગોથી રંગાયુ હશે.


તમારું બાળ જીવન છોડવા જેવું છે. તમારું ભાવી ઉજ્વળ બનાવવા અત્યારથી જ પ્રયત્ન કરશો. દરેક વાર્તામાંથી એકાદગુણ જીવનમાં ઉતારશો તો એક મહાન વ્યક્તિ બની શકશો.


વેકેશન પૂર્ણ થઈ ગયું હશે. વેકેશનમાં ધાર્મિક સંસ્કાર અને ધાર્મિક અભ્યાસ માટે સારો પ્રયત્ન કર્યો હશે જેની અનુમોદના ! ધાર્મિક જ્ઞાન વિના જીવનમાં સંસ્કાર આવતા નથી, અને સંસ્કાર ટકતા નથી માટે ધાર્મિક જ્ઞાન મેળવવા વધુ ને વધુ પ્રયત્ન કરશો.

આ પુસ્તકમાં શ્રી અરવિંદભાઈ (મહાસુખનગર - અમદાવાદ)એ વાર્તાઓ લખીને મોકલવા માટે કરેલો પ્રયત્ન પ્રશંસનીય છે. તેમની અનુમોદના

આ પુસ્તકના માધ્યમે તમારા જીવનને રંગી નાખવા પ્રયત્ન કરશો.

પૂર્ણાનંદ પ્રકાશન





બાલ મિત્રો ! એક સમાન દેખાતા આ બંન્ને ચિત્રોમાં ૧૩ તફાવત છે. જરા શોધી આપશો ? (સાથે સાથે તે પણ શોધશો કે બાળ ગોવાળના મનના ભાવો કયા છે કે બીજા જ ભવે શાલીભદ્ર બનાવે છે ?

## સ્પર્ધા નં.: ૭

બાળકો... અહીં આઠ પ્રશ્નો આપેલા છે તેના જવાબો તમારે નં-૭ની આ પુસ્તિકાના આધારે જ આપવાના છે. નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવી.

### -: પ્રશ્નો :-

૧. દીન દુ:ખીયા પ્રત્યે કરુણાભાવ શાનાથી પ્રગટે ?
૨. માંસાહારી સિંહને મંત્રીએ શું ખવડાવ્યું ?
૩. અનાર્યદેશમાં જન્મી દીક્ષા કોને લીધી ?
૪. એક ગ્લાસ પાણીની કીમત શેઠે કેટલી કરી ?
૫. વિદ્યાર્થીઓ સામે શાસ્ત્રનો ખોટો અર્થ કોને કર્યો ?
૬. કુમારપાળ મહારાજા દર વર્ષે સાધર્મિક ભક્તિમાં કેટલું દ્રવ્ય વાપરતા ?
૭. વનસ્પતિની વિરાધના કોને ખૂંચી ?
૮. 'હવે હું ધારું તે કરી શકું' તે કોણ બોલે છે ?

### -: સૂચનો :-

૧. જવાબો માત્ર પોસ્ટકાર્ડમાં જ લખવા તે સિવાય જવાબો માન્ય નહીં ગણાય.
૨. જવાબો માત્ર એક શબ્દમાં જ લખવાના છે.
૩. પોષ્ટકાર્ડમાં તમારું નામ, પૂરું સરનામું તથા સભ્ય નંબર અવશ્ય લખવો.
૪. સંપૂર્ણ સાચા જવાબ આપનારમાંથી પાંચ લકી વિજેતા નંબર આપવામાં આવશે. જે લકી વિજેતાનું નામ આગામી પુસ્તકમાં છાપવામાં આવશે તે ઈનામપાત્ર બનશે.
૫. જવાબો મોકલાવવાની છેલ્લી તા. ૩૦-૫-૦૯ રહેશે.

**-: જવાબ મોકલવાનું સરનામું :-**

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**

**C/o. પ્રદિપભાઈ એસ. શાહ**

**કે/૩, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા,**

**સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૦૭૬૬**

નાનાં બાળકોને જિનશાસનના રંગમાં રંગતું..

# તું રંગાઈ જા ને રંગમાં

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)

વર્ષ : ૨ | અંક : ૩ | સળંગ અંક : ૭

નાનાં બાળકોને જિનશાસનના ચમકતા સિતારાઓનો પરિચય કરાવતી આ રંગપૂરણી ચિત્રવાર્તાઓ બાળકમાં રહેલી કલાની વૃત્તિને જાગ્રત કરી બાળકને ધર્મના રંગે પણ રંગશે. બાળક પોતાના મન પસંદગીના રંગો ભરી ઘડી બે ઘડી માટે આ મહાપુરુષોના જીવનમાં ડૂબી જશે તથા રંગો ને કલા અંગેની સૂઝમાં પણ પ્રગતિ કરી શકશે.

: પ્રેરણા - માર્ગદર્શક :

પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

**પૂજ્ય પંન્યાસ શ્રી નયચંદ્રસાગરજી મ.સા. ગણિવર્ય**

માનદ્ ચિત્રકાર : **પુષ્પેન્દ્ર શાહ**

: પ્રકાશક :


**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**

C/o. પ્રદિપભાઈ એસ. શાહ

કે/૩, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા,

સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૦૭૬૬

(૨) તિરસ્કારનું ફળ



# ❋ તિરસ્કારનું ફળ ❋

એક હતા શ્રીમંત શેઠ. નામ તેમનું કસ્તુરચંદજી !... એક વખતની વાત છે જ્યારે તેઓ બંગલામાં હિંડોળા ઉપર હીંચતા હતા ત્યારે દયનીય હાલતમાં એક ભિખારી ભીખ માંગવા આવ્યો. શેઠ ઉદાર દિલના હતા. પોતાના આંગણે આવેલ કોઈ પણ વ્યક્તિ નિરાશ થઈ પાછો ન જાય તેનું ધ્યાન રાખતા હતા. ઘરમાં પરિવાર ને નોકરચાકરને પણ તેવા જ સંસ્કાર આપેલા. શેઠે પોતાની પાસે બેઠેલા મુનીમજીને કહ્યું કે. "આ કોઈ ભિક્ષુક આવેલ છે, તેને ભિક્ષા આપો શેઠના કહેવા પ્રમાણે મુનીમે આહાર, પૈસા વગેરે ભિક્ષુકને આપ્યા. મુનીમ ભિક્ષા આપીને પાછા ફર્યા... પણ આ શું ? મુનીમની આંખો આંસુથી ભીની હતી... શેઠે આશ્ચર્ય સાથે પૂછયું, "મુનિમજી !.. કેમ રડવું આવ્યું ? રડવાનું કારણ સમજાવો !"

"શું કહું શેઠ !" મુનીમજીએ કહ્યું "જે ભિખારીને ભિક્ષા આપી તે તો એક સમયે આપના કરતાં પણ વધારે શ્રીમંત હતા. પૈસાની રેલમછેલ હતી. જાણે લક્ષ્મીદેવીનું જ ઘર હોય. એ વખતે મારો સમય ઘણો નબળો હતો. તેથી મારા છોકરાની સ્કૂલ ફી અને પુસ્તકોની મદદ માટે હું પોતે તેમને ત્યાં ગયો હતો. બંગલાનો વૈભવ જોઈને તો લાગેલું કે બાળકોની ભણવાની કાયમી જવાબદારી શેઠ લઈ લેશે... પણ સ્વભાવની કોને ખબર હોય ? જ્યારે શેઠને વાત કરી ત્યારે શેઠે મારો ભારોભાર તિરસ્કાર કર્યો હતો અને હું નિરાશ થઈને પાછો ફર્યો હતો... એ જ શેઠની આજે ૧૦-૧૫ વર્ષ પછી આ દયાજનક દશા જોઈને મારી આંખમાં આંસુ આવી ગયાં ! કર્મની લીલા કેવી છે ? બિચારાને કેવી હાલતમાં મૂક્યો છે ?

શેઠ બોલ્યા. "મુનીમજી ! એ તો નિયતિનો નિયમ છે. કુદરતનો કાનૂન છે. કે **લક્ષ્મી ચંચળ સ્વભાવની છે. પુણ્યાધીન છે.** કોઈ ગમે તેટલું અભિમાન રાખતો હોય તો પણ પુણ્ય પરવારે એટલે ક્ષણમાત્રમાં સંપત્તિ - વૈભવ નષ્ટ થઈ જાય. જે મનુષ્ય પોતાને ત્યાં આવેલા યાચકનો તિરસ્કાર કરે છે તે મનુષ્યનાં તમામ પુણ્ય લઈને યાચક ચાલ્યો જાય છે... ! અને એ યાચક પોતાનાં તમામ પાપોને ત્યાં છોડતો જાય છે આવું સરળ ભાષામાં એક મહાત્માએ મને સમજાવેલું. આજે પણ તે યાદ આવે છે. વિશેષ તો તેઓએ કહેલું કે "**દાનથી ધનની મૂર્છા ઊતરે - નવુ પુણ્ય બંધાય - દીન દુ:ખીયાં પ્રત્યે કરુણાભાવ પ્રગટે. હૈયું કૂણું બને અને આપણી લક્ષ્મી બીજાને કામ લાગે માટે મનુષ્યે યથાશક્તિ દાન આપવું જોઈએ"...** કદાચ દાન ન આપી શકાય તો કોઈ ચિંતા નહીં. પરંતુ ધનના મદમાં સામી વ્યક્તિનો તિરસ્કાર તો ન જ કરવો જોઈએ... ઘણી વખત શ્રીમંતો ગરીબને એવી કટુ તીક્ષ્ણ ભાષામાં ધમકાવીને તિરસ્કારતા હોય છે કે તેના અંતરમાંથી ઊના ઊના નિસાસા નીકળતા હોય છે અને તેના મુખમાંથી બદદુઆ નીકળી જાય છે અને તેની દુભાવેલી લાગણીનાં માઠાં ફળો આજ ભવમાં પણ જોવા મળતાં હોય છે. ગરીબ દુ:ખીયારો માત્ર ભિક્ષા માગવા નથી આવતો પરંતુ મારી પાસે ઘણું હતું છતાં મેં કોઈને આપ્યું નહોતું માટે જ મારે માંગવાનો વારો આવ્યો છે. આવી જ કંઈક શિખામણ આપવા માટે આપણા આંગણે આવે છે. આપણે તેને દ્રવ્યદાન આપએ છીએ પરંતુ તે તો કિંમતી મૌન ઉપદેશ આપે છે.


બાળકો : **૧. તમારી શક્તિ હોય તો ગરીબને નિરાશ ન કરતાં અત્યારથી જ કાંઈ કાંઈ આપવાની ટેવ પાડશો.**

**૨. ન આપો તે કંઈ નહીં... પરંતુ આવનાર યાચકનો તિરસ્કાર તો ન કરશો.**

**૩. ભિખારી તમારું કંઇ જ નથી લઈ જતો... પરંતુ તેનું પુણ્ય તમને આપીને જાય છે.**

**૪. ભિખારી-માગણનો મૌન ઉપદેશ સમજવાની કોશિશ કરજો, જીવન સુધરી જશે.**

(૪) પ્રભુ દર્શનની તાકાત



# ❊ પ્રભુ દર્શનની તાકાત ❊

માંડવગઢના મહામંત્રી પેથડશા ચુસ્ત જૈન ધર્મી હતા. તેમને સુવર્ણ સિદ્ધિની વિધિ કોઈ પાસેથી મળી આવી. અમુક મંત્ર જાપ અને વિશિષ્ટ વનસ્પતિઓના રસના સહારે સોનું બનાવી શકાય. એકવાર આબુના પહાડ ઉપર પેથડશા સુવર્ણસિદ્ધિ રસનો પ્રયોગ અજમાવવા ગયા... પહાડના જંગલની ગીચ ઝાડીઓ વચ્ચે અનેક દિવસો સુધી રહ્યા. લક્ષ્યની સફળતા માટે નિર્ધારપૂર્વક મંત્ર-જાપ કરવા લાગ્યા. અનેક અમૂલ્ય વનસ્પતિઓમાંથી રસ કાઢવાનું કાર્ય પણ આગળ વધાર્યું અને વિવિધ પ્રયોગો કરતા રહ્યાં, પરિણામે પુણ્યયોગે એક રંગીન નવલી ઉષાએ સુવર્ણસિદ્ધિની અમોઘ સફળતા પ્રાપ્ત કરી લીધી..

તેમના મનમાં લક્ષ્ય સિદ્ધિના આનંદનો સાગર હિલોળા મારવા લાગ્યો. પુનઃ પોતાના નગર તરફ પાછા ફરતાં યાદ આવ્યું કે અહીં પહાડ ઉપર વિમલશાએ કલાત્મક જિનમંદિર બંધાવ્યું છે. તેથી દર્શન કરી પછી આગળ જવાનું નક્કી કર્યું સોનાની લગડીઓથી ખીચોખીચ ભરેલી તીવ્રવેગી સાંઢણી ઊભી રાખી પોતે દાદાના દરબારમાં દર્શન કરવા આવ્યા.


જિનાલયમાં પ્રવેશ કરતાં જ વીતરાગદેવની શાંત... પ્રશાંત મુદ્રા જોઈ અનહદ આનંદમાં ઝૂમી ઊઠ્યા... અને ભક્તિમાં લીન બની જઈ વિચારમંથનમાં ખોવાઈ ગયા...અ..ર..ર... મેં આ શું કર્યું ? હે ત્રિલોકનાથ ! જગતના અનંત જીવોને તેં બચાવ્યા... સર્વ જીવરક્ષાનું મહાભિયાન આદર્યું... જગતના સર્વ જીવોને બચાવવાનો તેં મહાન સંદેશ આપ્યો...અને..મેં...આ શું કર્યું ? પુણ્ય યોગે અખૂટ સંપત્તિ મળી હોવા છતાં મારા મનના સંતોષ માટે અનંતા વનસ્પતિ કાયના જીવોનો ખુરદો બોલાવી દીધો (અમુક અનંતકાય વનસ્પતિ આ પ્રયોગમાં વપરાય) સુવર્ણસિદ્ધિના પ્રયોગ માટે કેટલીયે વનસ્પતિઓનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો...! હે પ્રભુ.... !!! તે સમયે તું મારા અંતરમાં હાજર નહીં હોય... અન્યથા આવું કેમ બને ? **મેં મારા સ્વાર્થ ખાતર કેટલા જીવોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો... !** અનેક દિવસો સુધી કરેલી વનસ્પતિ વગેરેની વિરાધના નજર સામે તરવરવા લાગી. **પાપને પાપ તરીકે સ્વીકારે અને પાપ છોડવાની તૈયારી હોય તે પ્રભુભક્ત કહેવાય.** પેથડશાનું હૈયું ઊકળી ઊઠ્યું છે - ત્રસ્ત છે. ત્યાં જ પ્રતિજ્ઞા કરે છે કે હે મારા નાથ તારી સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે સુવર્ણસિદ્ધિનો પ્રયોગ બીજી વખત નહીં કરું. તેમજ આ પ્રયોગ મારા પરિવારના કોઈ પણ સદસ્યને શીખવાડીશ નહિ. વારસામાં પણ નહિ આપું. અન્યથા તેઓ પણ વનસ્પતિકાયના અનંત જીવોના ભોગે આસક્તિમાં લપટાઈ જાય તો ?

હે દેવ ! જેટલું સુવર્ણ મેં સુવર્ણ સિદ્ધિથી પ્રાપ્ત કરેલ છે તે તમામ સાતક્ષેત્રમાં વાપરી દઈશ. મારા સંસારનાં કાર્યોમાં તે સોનું ભૂલચૂકે પણ નહીં વાપરું. પ્રતિજ્ઞા કરી હૃદય શાંત કરી પોતે માંડવગઢ પહોંચ્યા. શાસનનાં અનેક કાર્યો કર્યા. જો મહામન્ત્રી પેથડશા જિનમંદિર દર્શન કરવા ન ગયા હોત તો ! આવો અદમ્ય શુભ ભાવ તેમને થાત ખરો ? આ છે પ્રભુ દર્શનની તાકાત...

બાળકો : **૧. પ્રભુભક્તિની લીનતામાં જ પ્રભુનાં સાચાં દર્શન થાય છે. તમો પણ પ્રભુદર્શન કરતાં લીન-તલ્લીન બની જશો.**

**૨. વનસ્પતિ, પાણી, પૃથ્વી વગેરેમાં પણ જીવો છે તે સમજીને વિરાધનાથી બચશો.**
**(બંગલા-બગીચામાં લોન ઉપર ન ચલાય.)**

**૩. સંપત્તિ-વૈભવ મળે છે પુણ્યથી પણ તેમાં આસક્તિ-મમત્વ થાય તો પાપકર્મ બંધાય અને દુર્ગતિ થાય. મોટા થઈ ક્યાંય આસક્તિ ન કરતા.**



# ❁ વાહ રે... જિન શાસન ❁

ઉદેપુરના મહારાજ ખૂબ શોખીન હતા. તેમણે એક સિંહ પાળેલો. આ સિંહ ઉપર એમને ખૂબ જ પ્રેમ. તે કારણે તેઓ ક્યાંય બહાર ગામ પણ જાય નહિ. પણ રાજ્યનાં કામ એવાં હોય કે કોઈવાર તો બહાર જવું પડે. એક વખત કોઈ અગત્યના કાર્યપ્રસંગે આકસ્મિક બહારગામ જવાનું થયું. તેથી પોતાના વિશ્વાસુ મંત્રીશ્વરને બોલાવી વાત કરી; રાજયને લગતી સૂચનાઓ આપી તેમજ પોતાના પ્રાણપ્રિય સિંહની દેખભાળ રાખવાની સૂચના આપી કહ્યું. "મંત્રીશ્વર ! સમયસર તેને ખોરાક અને પાણી તમે જાતે જ ધ્યાન દઈને આપજો.." આવી સૂચના આપીને યોગ્ય સંરક્ષકો સાથે રાજા બહારગામ ગયા.

મંત્રીશ્વર ચુસ્ત અહિંસાવાદી અને જૈન હતા. તેમને ખ્યાલ હતો જ કે સિંહ માંસાહારી હોય છે. સિંહને ખોરાક આપવાનો સમય થયો. નિર્દોષ અબોલ જીવોની હિંસા કરીને સિંહને માંસ અપાય કેમ ? આવો ઘણો વિચાર કર્યા પછી તેઓએ એક માણસને દૂધપાક - પૂરી લઈને સિંહના પાંજરે મોકલ્યો. સિંહ અને દૂધપાક ક્યાંય મેળ બેસે ?

સિંહને ખોરાકનો સમય થયો હતો. ભૂખ પણ લાગી હતી... તે રાહ જોઈને જ બેઠો હતો... માણસને આવતો જોઈ તૈયાર થઈ ગયો પણ આ શું ? દૂધપાક ? દૂધપાક જોતાંની સાથે જ સિંહે ગુસ્સે થઈ ગર્જના કરી, ધમપછાડા કર્યા, કશું જ ખાધુ નહિ. બીજા દિવસે પણ એમ જ થયું. સતત ત્રણ દિવસ સુધી સિંહે કાંઈ જ ખાધું નહિ, સિંહ ભૂખ્યો અને તરસ્યો રહ્યો. સિંહ પાંજરામાં છે તેથી કરે પણ શું ? મડદાની જેમ પડ્યો રહે ગર્જનાઓ કર્યા કરે છે. લોકો ભયભીત છે.

મંત્રીશ્વર ચિંતિત છે, વિચારે છે કે... હવે... શું કરવું ? માંસાહાર તો મારા હાથે કરાવવો જ નથી. એ સિંહ બીજો ખોરાક ખાતો નથી. ધર્મસંકટ ઊભું થયું છે. સિંહને માંસ ખવડાવવામાં ધર્મ ચાલ્યો જાય, કદાચ... ભૂખ્યા રહેવાથી સિંહના **પ્રાણ ચાલ્યા જાય તો રાજાજીનું જીવન જ નિરસ** થઈ જાય તેમજ પોતાનો જાન પણ જોખમમાં મુકાઈ જાય. ત્રીજા દિવસની રાત્રીએ મંત્રીશ્વરને બિલકુલ ઊંઘ આવતી નથી. ઘણા વિચારોના અંતે ચોથા દિવસે સવારે કરૂણાના સાગર મંત્રીશ્વર પોતે જાતે દૂધપાક - પૂરી લઈને સિંહના પાંજરે ગયા. ચોથા દિવસે પણ દૂધપાક જોતાંની સાથે જ સિંહે ભારે ગુસ્સાથી પૂંછડું પછાડતો, ભયંકર ગર્જના કરવા લાગ્યો. સિંહ તો ધૂંવાં-પૂવાં થઈ ગયો હતો છતાં મંત્રીશ્વરે મંદસ્વરે અને કરૂણાભાવે બોલ્યા, હે વનરાજજી ! કાં તો આ ભોજન ખાઈ લો અથવા મને જ ખાઈ જાઓ. **હું તમને કોઈ પણ હાલતમાં માંસાહાર કરાવી શકું તેમ નથી. તેમ કરવામાં મારો ધર્મ ના પાડે છે. મારી અંદર રહેલી દયા અને કરુણા અન્ય જીવનો પ્રાણઘાત નહીં જ કરી શકે. મારો પ્રાણઘાત મને મંજૂર છે.** તારી જે ઇચ્છા હોય તે તું હવે કરી શકે છે.

અને મંત્રીના સત્ત્વથી ધર્મનિષ્ઠાના પ્રભાવથી જાણે ચમત્કાર થયો હોય તેમ સિંહે તરત જ પોતાનું મોંઢુ દૂધપાકના તપેલામાં નાખી દીધું અને મજેથી બધું જ ખાઈ ગયો. મંત્રીની કરૂણા તેના આત્માને સ્પર્શી ગઈ અને સિંહે જીવનભર માંસાહાર છોડી દીધો - અન્નાહારી બની ગયો. આ છે પ્રભાવ અહિંસા ધર્મનો, અને આત્માની ખુમારીનો.

નોંધ : હિન્દુ - આર્યસંસ્કૃતિનો મૂળ ખોરાક અન્ન છે તેથી અન્નાહારી કહેવાય. શાકાહારી નહિ, શાક એટલે લીલા શાકભાજી-ફળ-ફ્રૂટ વગેરે. આપણે ત્યાં આ શાકભાજી વિશેષ વપરાતી નહોતી. હમણાં હમણાં ફ્રૂટનું ચલણ વધ્યું છે. આપણે અન્નાહારી છીએ. શાકાહારી શબ્દ તો અંગ્રેજોએ આપેલો છે.

બાળકો : **૧. મંત્રીશ્વરની ધર્મનિષ્ઠા કેવી હતી ? પોતાના પ્રાણના ભોગે પણ અહિંસા ધર્મ સાચવવા તૈયાર થયા, તમો પણ તેવું જ સત્ય કેળવશો.**

**૨. જૈન ધર્મ અને સિદ્ધાંતો મળ્યાની ખુમારી રાખશો. ખુમારી હોય તો જ ધર્મ ટકશે.**

**૩. સત્ત્વ, નિષ્ઠા અને ખુમારીના પ્રભાવથી માંસાહારી સિંહ પણ અન્નાહારી બની ગયો.**

## (૮) બુદ્ધિનો બેતાજ બાદશાહ



# ❀ બુદ્ધિનો બેતાજ બાદશાહ ❀

સિદ્ધરાજ બહુ જ નાની ઉંમરના હતા અને પિતા કર્ણદેવે સંસારમાંથી વિદાય લીધી હતી. પતિના અવસાનથી મીનળદેવી ખૂબ જ દુઃખી થઈ ગયાં. માતા મીનળદેવીને હવે આંખ સામે એક જ આશામિનારો હતો "નાનકડો સિદ્ધારાજ" પુત્રનાં લક્ષણ પારણે"એ કહેવત અનુસાર મીનળદેવી સિદ્ધરાજના મહાન વ્યક્તિત્વને પારણામાંથી જ પારખી ગયા હતા. સિદ્ધરાજ ધીરે ધીરે મોટો થતો હતો. **બુદ્ધિ કદી કોઈની કેદમાં સાંપડતી નથી.** તે બુદ્ધિનાં અનેક પરાક્રમો કરવા લાગ્યો. તેનું મૂળ નામ તો "જયસિંહ" હતું પરંતુ અને સિદ્ધ વ્યક્તિઓને અને બુદ્ધિશાળી વ્યક્તિઓને પોતાના નાનકડા ભેજાથી હરાવી પોતે સિદ્ધરાજ"બનેલ.

બાર-તેર વર્ષનો થતાં જ ચોમેર સિદ્ધરાજની બુદ્ધિ પ્રતિભાનાં કિરણો ફેલાવા લાગ્યાં. છેક દિલ્હીના રાજદરબાર સુધી વાત પહોંચી. દિલ્હીના બાદશાહની ભરસભામાં કોઈએ સિદ્ધરાજની બુદ્ધિનાં ખૂબ જ વખાણ કર્યાં... આ સંભળી બાદશાહને થયું કે "બાળ સિદ્ધરાજને મારા દરબારમાં તેડાવવો પડશે અને અહીં આવશે એટલે એની બુદ્ધિનું પારખું થઈ જશે."

એક દિવસ...બાદશાહે મીનળદેવીને પત્ર મોકલ્યો."સિદ્ધરાજ હવે મોટો થઈ ગયો હશે. તેને જોવાની મારી ઇચ્છા છે... તો જલદી તેને દિલ્હી મોકલો તેને સારી રીતે સાચવીને પાછો મોકલી આપીશું." બાદશાહનો પત્ર લઈને માણસ ગુજરાત આવી ગયો. આદરભાવપૂર્વક પત્ર આપ્યો. મીનળદેવીએ સંદેશો વાંચ્યો અને ચિંતામાં મુકાઈ ગયાં... સામે મુસ્લિમ બાદશાહ અને કંઈ દાવપેચ કે રાજરમત રમાય તો ? સિદ્ધરાજનું કંઈ અમંગળ થાય તો ?

જો સિદ્ધરાજને ન મોકલે અને બાદશાહની ખફામરજી ઊતરે તો વગર લેવાદેવાએ સમગ્ર ગુજરાત ઉપર આફત આવે તેથી મીનળદેવી ચિંતામાં છે. ઉદાસ માતાને જોઈ સિદ્ધરાજે પૂછ્યુ. "માતાજી ! શું છે ? ઉદાસ કેમ ? " મીનળદેવીએ દિલ્હીના બાદશાહનો આવેલો સંદેશો સિદ્ધરાજને વંચાવ્યો. સિદ્ધરાજે તુરત કહ્યું, "માતાજી ! તમે ચિંતા ન કરો અને આપ મને રજા આપો. અત્યારે જ દિલ્હીના દરબારમાં જઈને ઊભો રહું. પરાક્રમી સિદ્ધરાજ સમજતો હતો, **આવેલી તક જવા ન દેવાય.** સિદ્ધરાજની હિંમત અને નીડરતાં જોઈ મીનળદેવી ખુશ થયાં. બીજા જ દિવસે વિશ્વાસુ સામંતો સાથે સિદ્ધરાજને દિલ્હી રવાના કર્યો. **માતૃભક્ત સિદ્ધરાજે પણ માતાના ચરણોમાં પડી આશીર્વાદ લઈ પ્રયાણ કર્યું.** બાદશાહને ગુપ્તચરો દ્વારા સમાચાર મળી ગયા કે સિદ્ધરાજ દિલ્હી આવી રહ્યો છે.


થોડા દિવસોમાં જ સિદ્ધરાજ દિલ્હીના દરબારમાં પહોંચી ગયો. સિદ્ધરાજ આજે આવવાના છે તે સમાચાર મળતાં જ દિલ્હીનો દરબાર હકડેઠઠ જામી ગયો. તમાશાને તેડું ન હોય. બાદશાહ શું કરશે તે જોવા સહુ ભેગા થયા અને દરેકની પ્રતીક્ષા વચ્ચે ચૌદ વર્ષનો કુમાર સિદ્ધરાજે પોતાની આગવી અદાથી સભામાં પ્રવેશ કર્યો. બાદશાહને હાથ જોડીને પ્રણામ કર્યા. બાદશાહે તેની બુદ્ધિની પરીક્ષા માટે એ તક ઝડપી લીધી. જેવા સિદ્ધરાજ નમસ્કાર કરી ઊંચો થવા ગયો કે બાદશાહે બંન્ને કાંડેથી મજબૂત પકડી લીધો અને કહ્યું કે "બોલ સિદ્ધરાજ મેં તને મજબૂત પકડી લીધો છે. હવે તું શું કરીશ ?" અને સિદ્ધરાજે કહ્યું કે" **જહાંપનાહ ! હવેતો હું ધારું તે કરી શકીશ. કારણ લગ્ન સમયે સ્ત્રીનો એક હાથ પકડ્યો હોય છે છતાં સમગ્ર જીવનની જવાબદારી આવી જાય છે. જ્યારે તમે તો મારો એક હાથ નહીં. પરંતુ બંન્ને હાથ પકડી લીધા છે હવે મારી સંપૂર્ણ જવાબદારી હાથ પકડનારની છે. હવે મને શી ચિંતા હોય ? મારી બધી જ જવાબદારી દિલ્હીના નાથ આપે લઈ લીધી છે પછી મને કોઈનો ડર નથી.**"

સિદ્ધરાજનો તત્કાળ આવો સચોટ અને નીડર જવાબ સાંભળી બાદશાહ આશ્ચર્ય સાથે રાજી રાજી થઈ ગયા, અને ભરસભામાં બાદશાહે સિદ્ધરાજને ઊંચકીને પોતાના ખોળામાં બેસાડી દીધો અને ખૂબ જ માન-પાન સાથે સિદ્ધરાજને પોતાની પાસે રાખ્યો. થોડા દિવસ પછી બાદશાહી વિદાય સાથે સિદ્ધરાજ માતા પાસે આવી પહોંચ્યો ને માતાના ચરણોમાં ઝૂકી પડ્યો. મીનળદેવીને પોતાના પુત્રનું બુદ્ધિનું પરાક્રમ સાંભળી ખૂબ જ આનંદ થયો.

બાળકો : ૧. **બુદ્ધિને ઉંમર સાથે કાંઈ લેવાદેવા નથી. તમે પણ નાની ઉંમરથી બુદ્ધિનું પરાક્રમ કરશો.**

૨. **જીવન વિકાસ માટે નીડરતા, સાહસિકતાના ગુણો આવશ્યક છે.**

૩. **પરાક્રમના કે શુભ કામો કરવા માટે તક ક્યારેક જ આવતી હોય છે તેને શીઘ્રતાથી પકડી લેવી જોઈએ.**



## ❀ અનાર્ય બન્યો સંયમી ❀ લેખક : બાલમુનિ અભિનંદનચંદ્ર સાગર

અલકાપુરીને શરમાવે તેવી ઋદ્ધિવાળી રાજગૃહી નગરી હતી. ત્યાં શ્રેણિક મહારાજા રાજ્ય કરતા હતા. તે પરમાત્મા મહાવીરપ્રભુના પરમભક્ત હતા. શ્રેણિક મહારાજાને અનાર્ય ભૂમિના મહારાજા આદ્રક સાથે મૈત્રી હતી. આદ્રક રાજા ગુણવાન ન્યાયપ્રિય પર દુઃખભંજન હતા. પરંતુ અનાર્ય દેશમાં જન્મેલા હોવાથી "ધર્મ" શબ્દ પણ સાંભળવા મળેલો નહીં. મિત્રતાના કારણે બન્ને રાજાઓ અવાર-નવાર સારી અને ઉત્તમ વસ્તુઓ ભેટે રૂપે અરસ-પરસ મોકલે.

આદ્રક રાજાને આદ્રકુમાર નામે યુવરાજ હતો. રાજગૃહીથી આવેલા દૂત દ્વારા અભયકુમાર સાથે મૈત્રી કરવા સુંદર રત્નનાં આભૂષણ મોકલ્યાં...!!! અભયકુમારે વિચાર્યું કે **"અનાર્ય ક્ષેત્રમાં રાજકુમાર મારી મૈત્રી ઈચ્છે છે. ચોક્કસ તે પુણ્યવંત જીવ હોવો જોઈએ."** "મારે પણ એને ભેટણું મોકલવું છે. શું મોકલવું ? ઘણો વિચાર કરી બુદ્ધિ-નિધાન અભયકુમારે આદ્રકુમારને સુંદર પેટી ભેટ મોંકલાવી સાથે કહેવડાવ્યું આ ભેટણું ઉત્તમ છે, મહામૂલ્યવાન છે અને ખાનગીમાં એકાન્તમાં બંધ બારણે ખોલજો."

રાજકુમાર આદ્રકુમાર મૈત્રીભાવરૂપ ભેટણું મળતાંની સાથે જ ખુશ ખુશ થઈ ગયો...વિચારવા લાગ્યો... મારા નવા મિત્રે મને શું મોકલાવ્યું હશે ? રત્નનો હાર હશે, આભૂષણ હશે કે સુંદર મજાનાં વસ્ત્રો હશે ? મને એકાંતમાં જ ખોલવાનું કેમ કહ્યું હશે ?"... પોતાના મહેલના કમરામાં દરવાજા બંધ કરી એકાંતમાં મિત્રને યાદ કરતો કરતો પેટી ખોલે છે. અંદર રહેલી વસ્તુ બહાર કાઢે છે. અત્યંત મન-મોહક વસ્તુ જોઈ હરખાય છે. મગધ દેશનું આ કોઈ વિશિષ્ટ આભૂષણ હશે તેમ સમજી શરીરનાં જુદાં જુદાં અંગોમાં મૂકે છે, પરંતુ આશ્ચર્ય ! કોઈ જગ્યાએ ફિટ થતું નથી. હાથે, પગે, કેડે, કંઠે, મસ્તકે બધે જ લગાવી જોયું... હવે એને ક્યાં લગાવવું..તે વિચારોમાં તે ભેટણાની સામે એકાકાર બની જોવા લાગ્યો... આ શું છે ? શાનું છે ? ક્યા અંગમાં બેસે ? વિચારતો ધારી ધારીને જોવા લાગ્યો.

જોતાં જોતાં જ આદ્રકુમાર એકદમ ચમક્યો ! ઓહ ! આ શું..? આ તો... અરિહંત પ્રભુની પ્રતિમા છે.! અભયકુમારે ભેટણારૂપે મોકલાવેલી **પ્રતિમામાં એકાકાર તન્મય બનવાથી આદ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું.** પૂર્વભવ દેખાયો... પૂર્વભવમાં સંયમ લીધો હતો. તેમાં કરેલી **વિરાધનાના કારણે ધર્મથી દૂર અનાર્ય ક્ષેત્રમાં જન્મ થયો.** આ બધું જ સમજાઈ ગયું.

અભયકુમારને ધન્યવાદ દેતો...સાચો હિતચિંતક મિત્ર માનવા લાગ્યો...પૂર્વભવના સંયમના સંસ્કાર જાગ્રત થયા. સંયમની તાલાવેલી લાગી... પણ **અનાર્ય ક્ષેત્રમાં દેવ-ગુરુ-ધર્મ મળે ક્યાંથી ?**

આદ્રકુમારની રહેણી-કરણી બદલાઈ. રજવાડી, વૈભવ, દાસ-દાસી, હાથી, ઘોડા,ધન-સંપત્તિ, સત્તા બધું જ નિરસ લાગવા માંડ્યું. પિતાજીને સમજાયું નહી. આ દીકરો શું કરે છે ?

એકવાર પિતાજી પાસે આદ્રકુમારે મિત્ર અભયકુમારને મળવા જવા રજા માગી. રાજાજી સમજી ગયા કે આ ત્યાં જશે તો પાછો નહીં આવે... અહીંનો રસ ઊડી ગયો છે. એકનો એક દીકરો છે... પુત્ર મોહ આડો આવ્યો...કુમાર ભાગી ન જાય તેથી રાજાએ સખત પહેરો ગોઠવી દીધો. જાણે નજરકેદ...!

આદ્રકુમારે પણ કમાલ કરી. થોડા દિવસતો જાણે બધુ જ ભૂલી ગયો છે તેવો દેખાવ કર્યો. પહેરેગીરો પણ ઢીલા થયા..અને એકવાર તક જોઈ અશ્વ ખેલવાના બહાને...દૂર જઈ વિખૂટો પડી ત્યાંથી સીધો હિંદસીમામાં રાજગૃહી પહોંચી ગયો... પોતાના હિતચિંતક પરમ મિત્ર અભયકુમારને મળી ખૂબ આનંદ વ્યકત કર્યો... પોતાની ઈચ્છા જણાવી છેવટે દીક્ષા લીધી...

અનાર્ય ક્ષેત્રમાં જન્મી દીક્ષા લીધી હોય તેવો શ્રી મહાવીર પ્રભુના શાસનનો પહેલો જ પ્રસંગ છે.

ધન્ય આદ્રકુમારને, ધન્ય સાચી મિત્રતાને.


બાળકો : **૧. અભયકુમારને કેવો વિશ્વાસ છે કે મારી મિત્રતા ઇચ્છે તે પુણ્યશાળી જ હોય, તમોને વિશ્વાસ ખરો ?**

**૨. હિતની ચિંતા કરે તે સાચો મિત્ર કહેવાય. જીવનમાં આવા જ મિત્રો બનાવવા.**

**૩. પૂર્વભવમાં કરેલી ધર્મની આરાધનાના સંસ્કાર ગમે ત્યાં કામ લાગે છે.**

**૪. આદ્રકુમારને આ ભગવાન છે તે ખબર નહોતી છતાં એકાકાર થયા તો ભગવાન મલી ગયા. તમો પણ દર્શન કરતાં એકાકાર બનજો.**

## (૧૨) લોભનો કરૂણ અંજામ



# ❀ લોભનો કરૂણ અંજામ ❀

એક શેઠ પાસે વિશાળ સંપત્તિ હતી, છતાં ઈચ્છા એવી કે આનાથી પણ વધારે હીરા-મોતી -સોના-ચાંદી ભેગું કરું... પછી હાશ... જીવનની સફળતા માનીશ.... અને શેઠે રાત-દિવસ જોયા વગર તનતોડ મહેનત કરી.

લક્ષ્મી ભેગી કરવા લાગ્યા. શેઠને ચાર પુત્રો, પણ બધા ઉપર તેમને શંકા, કોઈની ઉપર વિશ્વાસ નહિ. તિજોરીની પાસે કોઈને જવા ન દે. તિજોરી પણ કેવી ? અંદર બેસીને પૈસા-હીરા-મોતી-ગણી શકાય તેવી મોટી બનાવેલી હતી. શેઠજી તિજોરી જુએ અને છાતી ઉપર હાથ રાખી જીવનનો અનુપમ આનંદ મેળવે. થોડા થોડા દિવસે શેઠ તિજોરીમાં જે મૂક્યું હોય તેની તપાસ કરવા બેસે, બીજું અંદર મૂકે અને મનથી આનંદ મેળવે.

છોકરાઓ-પુત્રવધૂઓ ધર્મી-સમજુ-દયાળુ-વિવેકી, તે બધા સમજાવે કે પિતાજી ! આ ધન-સંપત્તિ ભેગી કરીને શું કરશો ? નસીબે ઘણું આપ્યું છે. તમારા હાથે સારા કામમાં આ લક્ષ્મીને વાપરો અને **કોઈ સદકાર્ય કરો. આ ભવમાં જશ મળશે, પર ભવ માટે પુણ્ય બંધાશે, બાકી ભેગુ કરેલું કાંઈ સાથે આવશે નહિ.**

.... પણ આ લોભી જીવ કોઈનું કહ્યુ માને નહીં. પોતાના હાથે કંઈ જ વાપરે નહિ. ધન, સંપત્તિ માત્ર જોઈ જોઈને ખુશ થાય...

એક દિવસ શેઠ મીઠાઈ અને ગરમા-ગરમ ભજિયાં જમીને બપોરે નિરાંતે તિજોરી ખોલી અંદર બેસીને ધન-સપંત્તિ ગણવા લાગ્યા. તિજોરીનો દરવાજો થોડો આડો કર્યો જેથી કોઈ દેખી ન જાય કે તિજોરીમાં કેટલું ધન છે.

તિજોરીની સિસ્ટમ લેટેસ્ટ હતી. ઓટોમેટિક લોકવાળી તિજોરી હતી. લોભી શેઠે તિજોરીની કળ એક પણ દીકરાને બતાવી ન હતી. આજે વધારે ધન અંદર મૂકવાનું હતું તેના આનંદમાં દરવાજો ભૂલથી સહેજ વધુ દબાવવાથી તિજોરીનો દરવાજો ઓટોમેટિક બંધ થઈ ગયો... શેઠ તો લાઈટ-પંખા ચાલુ કરી ગણવા લાગી ગયા. ગરમીનો સમય... હવાની અવર-જવર નહીં ભજિયાં ખાવાથી લાગેલી ભારે તરસ. થોડીવારમાં શેઠને ગભરામણ થવા લાગી, શેઠે તિજોરી ખોલવા પ્રયત્ન કર્યો પણ કળો ફિટ થઈ છે. અંદરથી ખૂલે પણ ચાવીઓ બહાર રહી ગઈ છે. શેઠ અંદરને અંદર ગૂંગળાવા લાગ્યા... શ્વાસ રૂંધાવા લાગ્યો.. અંદર રાડા-રાડ કરવા લાગ્યા પણ કોણ સાંભળે ? **શેઠને વહાલી વસ્તુઓ સામે હતી પણ કરવાની શું... ?** આ સમયે શેઠે કાગળમાં લખ્યું કે **અત્યારે મને જો કોઈ વ્યક્તિ એક ગ્લાસ પાણી આપે તો તેને મારી સઘળીએ સંપત્તિ આપવા તૈયાર છું...** પણ તેની દીનતાનો કોઈ પ્રતિસાદ મળ્યો નહીં... આખરે થોડી ક્ષણોમાં શેઠે પ્રાણ છોડી દીધા.


આ બાજુ સાંજ પડી. શેઠ જમવા ન આવ્યા. થોડી રાહ જોઈ પછી બધે તપાસ કરી પણ શેઠનો પત્તો ન મળે. એક દિવસ... બીજો દિવસ થયો... પરંતુ શેઠ ન મળ્યા તે ન જ મળ્યા અંતે ઘરના બધાએ નક્કી કરી છાપામાં ફોટા આપ્યા પરંતુ ક્યાંય શેઠનો પત્તો ન લાગ્યો. આખરે થોડા દિવસો પછી છોકરાઓએ નક્કી કર્યું કે બાપાની સંપત્તિ ભરેલી તિજોરીની તપાસ કરીએ. ચાવી ન મળી, છેવટે માણસ બોલાવી તિજોરીને તોડીને ખોલી તો આશ્ચર્ય !!! ભયંકર બદબૂ મારતું શેઠનું "શબ" બંધ તિજોરીમાં હતું. ઘરના બધા છક્ થઈ ગયા... આ.... શું .... ? મર્યા પછી બાપની ઈજ્જત સાચવવા દીકરાઓએ ગુપ્ત રીતે શબની અંતિમવિધિ કરી પરિવારજનો એ સંપત્તિ શુભકાર્યોમાં વાપરવાની શરૂઆત કરી. શબની પાસે પડેલી ચિઠ્ઠી વાંચી આશ્ચર્ય થયું... "એક ગ્લાસ પાણીની કિંમત કેટલી ?"

આ છે ધન પ્રત્યેના અતિરાગનો કરૂણ અંજામ આવી ધનની મૂર્છાથી વ્યક્તિ પરિવારનો પ્રેમ, પ્રસન્નતા, ઘરની શાંતિ ખોઈ બેસે છે અને ધનની મૂર્છાથી આ ભવ અને પરભવ બંને બગાડે છે...

બાળકો : ૧. **જોયું ને ! અતિ લોભનો કરૂણ અંજામ કેવો આવે છે !**

૨. **સંપંત્તિને ભેગી કરવા કરતાં તેનો સદ્ઉપયોગ કરવો જોઈએ.**

૩. **મનમાં અતિલોભ થઈ જાય પછી ઘરની વ્યક્તિઓનો પણ વિશ્વાસ ગુમાવી દેવાય છે.**



## ❀ સત્યમેવ જયતે ❀

લે. બાલમુનિ અભિનંદનચંદ્રસાગર

નારદ, પર્વત અને વસુ ત્રણે એક જ ઉપાધ્યાય (ગુરુ) પાસે ભણેલા હતા. નારદ ઋષિ બન્યા, વસુ ક્ષત્રિય પુત્ર હતા. તે રાજા બન્યા. પર્વત એ ઉપાધ્યાયના જ પુત્ર હતા... બ્રાહ્મણ હતા. પિતાના મૃત્યુ બાદ ભણાવવાની જવાબદારી પર્વતના માથે આવી. પર્વત ઘણા છાત્રોને આશ્રમ પદ્ધતિથી અભ્યાસ કરાવી રહ્યા હતા...

એકવાર નારદ ઋષિ મિત્ર પર્વત ઉપાધ્યાયને મળવા માટે આવ્યા. બરોબર તે સમયે યજ્ઞ વિધાનનો પાઠ ચાલી રહ્યો હતો... તેમાં પંક્તિ આવી,"अजैर्यष्टव्यम्" अज વડે હોમ કરવો. પર્વતે શિષ્યો સામે अजનો અર્થ બકરો કર્યો એટલે બકરા વડે યજ્ઞ કરવો.

બાજુમાં બેઠેલા નારદે મિત્ર પર્વતને કહ્યું, "પર્વત, આપણે બધા સાથે જ ભણેલા હતા ત્યારે આ પંક્તિનો અર્થ ગુરુજીએ.." अज = વાવ્યા છતાં ઊગે નહી તેવું ધાન્ય." કરેલો.. આ પંક્તિનો અર્થ ખોટો કરશો નહીં. અન્યથા હિંસા માટે પરંપરા ઊભી થશે... નિમિત્ત તું બનીશ."

પણ, પર્વત અભિમાની હતો. પોતાના શિષ્યો સામે ખોટો પડે તે કેમ સહી લે ? તેથી પર્વતે કહ્યું," નારદજી ! ગુરુજી પાસે મેં અર્થ આવો જ સાંભળ્યો છે. હું સાચો છું, તું ખોટો છે." પણ નારદજી એવા ખોટા અર્થમાં સંમત કેમ થાય ? થોડો વાદ-વિવાદ થયો. છેવટે બંન્નેએ સાથે મળી નક્કી કર્યું કે આપણી સાથે વસુકુમાર ભણતા હતા. તે અત્યારે રાજા થયા છે અને સત્યવાદી તરીકે કીર્તિ પ્રસરી છે તેથી તે જે કહે તે સાચું,"જે ખોટો પડે તેણે પ્રાણ છોડી દેવો."

શરતની વાત સંભળીને પર્વતની માતાએ પુત્રને એકાંતમાં બોલાવી કહ્યું, "બેટા, તારા પિતાએ अजનો અર્થ નારદજી કહે છે તે પ્રમાણે જ કહ્યો હતો. ફોગટનો અનર્થ કરી શરત તું શા માટે કરે છે ?" પર્વતે કહ્યું,"મા ! જે હોય તે, મેં જે કર્યું તે હવે ફરે નહીં, હવે અનર્થ ન થાય તેવો ઉપાય કરો."

પુત્ર મોહથી મોહિત થયેલી માતા વસુરાજા પાસે ગઈ. તેને એકાંતમાં બોલાવી બધી જ હકીકત કહી... સવારે તમારી પાસે વિવાદનું સમાધાન કરવા બંન્ને આવવાના છે. તેઓ આવે ત્યારે તમે 'બકરો' અર્થ કહેજો.

વસુરાજાએ કહ્યું, હે ગુરુમાતા ! હું આવું અસત્ય કેવી રીતે બોલું ? મેં પણ ગુરુજી પાસે अजનો અર્થ "વાવ્યા છતાં ઉગે નહીં તેવું અનાજ" સાંભળ્યો છે."નારદજી સાચા છે. હું અસત્ય કેવી રીતે બોલું.

વસુરાજાની વાતથી પર્વતની મા રડવા લાગી. શરત ભારે હતી, પુત્ર ગુમાવવાનો હતો. રડતાં રડતાં વસુરાજાને કહે છે. હે વસુ ! જે હોય તે પણ હું ગુરુદક્ષિણામાં પુત્ર માગવા આવી છું. કંઈક કર." વસુ રાજાએ આશ્વાસન આપ્યું, મા ! તમે ચિંતા ન કરો अज એટલે 'બકરો' એમ હું કહીશ."

સવાર પડતાં પર્વત અને નરદજી સભામાં ગયા. વસુરાજાએ પણ સહાધ્યાયીનો આદરસત્કાર કર્યો અને સાથે આગમનનું કારણ પૂછયું.


પર્વત અને નારદે પોતે પોતાનાં મંતવ્યો જણાવી अज શબ્દનો અર્થ પૂછયો... તે સમયે સત્યવાદી વસુરાજાએ अज શબ્દનો અર્થ 'બકરો' કર્યો. નારદજીને આ અર્થ સાંભળી આશ્ચર્ય લાગ્યું. પર્વત તો ખુશ ખુશ થઈ ગયો.

પરંતુ ત્યાં તો ... આ શું... અસત્ય વચનથી કોપાયમાન થયેલી દેવીએ વસુરાજાને લાત મારી સિંહાસન ઉપરથી નીચે નાખ્યો. દેવીના લાતના પ્રહારથી નીચે ફેંકાઈ જવાથી ત્યાં જ મૃત્યુ પામી પોતાના પાપનાં ફળ ભોગવવા વસુ નરકે ગયો. પર્વતને લોકો એ માર મારીને કાઢી મૂક્યો તે પણ અંતે નરકે ગયો.

**બાળકો : ૧. આપણી ભૂલ કોઈ સુધારે તો તરત જ સ્વીકાર કરી લેવો... આપ બડાઈ માટે અસત્યનું પોષણ ન કરવું.**

**૨. ખોટી વાત છુપાવવા ગમે તેટલી માયા-કપટ કરીએ તો પણ છેવટે સત્ય જ પ્રગટ થાય છે.**

**૩. ખોટું બોલવાથી કે ખોટી વાતને સાથ આપવાથી છેલ્લે તો નુકસાન જ થાય છે.**



# ❁ સાધર્મિક ભક્તિ કે ગુરુભક્તિ ❁

શાકંભરી નામની નગરી હતી. તેમાં ધનાશાહ નામના શ્રાવક રહે. તેમની આર્થિક પરિસ્થિતિ સારી નહીં. મહેનત બહુ કરે પણ પુણ્ય સાથ ન આપે. મહેનતથી જે મળ્યું તેમાં સંતોષ માનતો. દેવગુરુ ઉપર અતૂટ શ્રદ્ધા. થોડામાંથી પણ થોડી તેમની ભક્તિ કરવાના ભાવ હૈયામાં રમ્યા કરે. કલિકાલ-સર્વજ્ઞ પૂ. હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ને પોતાને ઉપકારી ગુરુદેવ માને. ભક્તિ કરવા માટે તેમની પોતાની પત્ની પાસે ખાદી કંતાવીને એક વસ્ત્ર તૈયાર કરાવ્યું અને અંતરના ઉમળકાપૂર્વક પોતાના ગુરુદેવને સમર્પિત કર્યું. આ જ અરસામાં પૂ. ગુરુદેવ શ્રી હેમચંદ્રસૂરિમ.નો પાટણમાં ભવ્ય નગરપ્રવેશ હતો. ભક્તિના ભાવથી ભીંજાયેલું અને હાથથી કાંતેલુ-વણેલું આ વસ્ત્ર નગરપ્રવેશ સમયે પૂજ્ય આચાર્યદેવે ઉપયોગમાં લીધું.

ગુર્જરેશ્વર કુમારપાળે પૂ. ગુરુદેવના દેહ ઉપર આવું જાડું વસ્ત્ર જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. પૂ. ગુરુદેવશ્રીને વિનંતી કરી...ગુરુદેવ ! મુલાયમ પાતળું અને અત્યંત કીંમતી વસ્ત્રની વ્યવસ્થા કરું છું... આપશ્રી આ જાડું-તુચ્છ વસ્ત્ર બદલી દો. ગુરુદેવે કહ્યું - **કુમારપાળ, ભલે તું ગુર્જરેશ્વર હોય પણ આવું કિમતી-મૂલ્યવાન વસ્ત્ર તું ન લાવી શકે. ભક્તિ ભાવનાની કિંમત સૌથી ચઢિયાતી છે.** હે ગુર્જરેશ્વર કુમારપાળ ! તારા દેશમાં એવાય નિર્ધનો વસતા હશે ત્યારે જ મને આવું વસ્ત્ર મળ્યું હશે ને ? મને આ વસ્ત્રથી કંઈ તકલીફ નથી. **અમારે તો દેહને ઢાંકવા માટે વસ્ત્રનો ઉપયોગ છે.** પરતું તારે શરમાવવા જેવું છે કે તારા રાજ્યની જનતાના સુખ દુ:ખની કાંઈ જ ચિંતા તું કરતો નથી અને તેમાંય સાધર્મિકની ચિંતા તો તારા ધ્યાનમાં જ લાગતી નથી. **આ વસ્ત્ર એ તો સાધર્મિકની સ્થિતિનું પ્રતિબિંબ છે.''**

ગુરુદેવના આ શબ્દો સાંભળીને ગુર્જરેશ્વર કુમારપાળનું મુખ શરમથી નમી ગયું. અને તે જ વખતે સકળ સંઘની હાજરીમાં પ્રતિજ્ઞા કરી કે **દર વર્ષે એક ક્રોડ સોનામહોરો સાધર્મિક ભક્તિમાં વાપરવી.** અને પોતે ભૂલી ન જાય માટે તે જ ટાઇમે આ કાર્ય સંઘના આગેવાન આભડ શેઠને સોંપવામાં આવ્યું. નગરપ્રવેશનો પ્રસંગ પૂરો થતાં કુમારપાળે આભડ શેઠને બોલાવીને કહ્યું કે ''આભડ શેઠ ! સાધર્મિકોમાં વાપરવાની એક કરોડ સોનામહોર મારા ભંડારમાંથી લઈ લો અને આજથી જ શુભકાર્યની શરૂઆત કરો. આભડ શેઠે કહ્યું- કૃપાળુ, સાધર્મિક ભક્તિમાં આ વર્ષનો લાભ મને જ લેવા દો. આવો અવસર મને ક્યારે મળશે !

ત્યારે ગુર્જરેશ્વર કુમારપાળ બોલ્યા ''શેઠ ! હવે આવું કદી બોલશો નહીં, નહિ તો ગુર્જરેશ્વરમાં કૃપણતા આવી જશે અને મારી પ્રતિજ્ઞાનો ભંગ થશે. કુમારપાળે ભંડારી પાસે રાજભંડારમાંથી ક્રોડ સોનામહોર મંગાવી આભડ શેઠને આપી. આવી હતી ગુર્જરેશ્વરમાં ગુરુભક્તિ...

બાળકો : **૧. કુમારપાળ ૧૮ દેશના મહારાજા હોવા છતાં ગુરુદેવ જાહેરમાં ઠપકો આપતાં ખચકાતા નહીં. તમને કોઈ ઠપકો આપી શકે ?**

૨. **કુમારપાળ મહારાજાને પણ ભૂલ સ્વીકારવામાં સંકોચ નહીં તમો પણ તુરત ભૂલનો સ્વીકાર કરશો.**

૩. **સાધર્મિક ભક્તિને શાસ્ત્રોમાં સર્વશ્રેષ્ઠ ધર્મ કહ્યો છે. ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ સાધર્મિક ભક્તિમાં વાપરશો.**

**સુભદ્રાબેન રમણલાલ શાહ**
૧, ઈશાવાસ્યમ બંગલોઝ, સેટેલાઈટ,
અમદાવાદ - ૩૮૦૦૧૫. (ઉ.૮૪)
વિસસ્થાનક તપ (ઉપવાસથી)
નવપદજીની ઓળી (વિધિ સાથે)



**અર્પિત અભયભાઈ કાંતિલાલ શાહ**
એ-૪૦૨, ક્રિષ્ણા ટાવર, ૧૦૦' રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫. (ઉ.૧૩)
ફોન : ૨૬૭૬૪૨૧૭
સામાયિક સુત્રો




**ખુશી કલ્પેશભાઈ કાંતિલાલ ભોટાણી**
બી-૧૦૨, સાગર સમ્રાટ ટાવર,
ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રોડ, સેટેલાઈટ,
મુરલી એપા.સામે, અમદાવાદ-૧૫.
મો. ૯૪૨૬૪ ૪૭૯૦૨




**દેવ હાર્દિક સંઘવી (ઉ. ૫)**
ડી-૧૦૧, ધનંજય ટાવર, ૧૦૦' રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
ફોન : ૨૬૯૩૧૫૦૧
ગુરુકુળમાં બે વર્ષ થી અભ્યાસ સાત લાખ



**ખુશી ચિંતન ઉમેશભાઈ શાહ**
(ઉ.૫ વર્ષ)
૧૧, ઈશાવાસ્યમ બંગલોઝ, સેટેલાઈટ,
લવકુશ સોસા. પાસે, અમદાવાદ.
વિવિધ તપશ્ચર્યા



**માહિન મનનકુમાર શાહ (ઉ. ૬ માસ)**
C/o.જીતેન્દ્ર વિરચંદભાઈ શાહ
બી-૩૭, સોમેશ્વર રો-હાઉસ, કોમ્પલેક્ષ-૧,
રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : ૨૬૭૬૬૪૭૧



**પક્ષાલ પ્રિતેશભાઈ યશવંતભાઈ શાહ**
૬૩, વૃંદાવન બંગલોઝ, સેટેલાઈટ, મેડીલીંક
હોસ્પીટલના ખાંચામાં, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. ફોન : ૨૬૭૬૪૫૩૫
નિત્ય પ્રભુ દર્શન, પાઠશાળા



**વિહાર - પરિહાર કૈવન દોશી**
(ઉ. ૧૨ વર્ષ) (ઉ. ૯ વર્ષ)
એ-૫૨, શ્યામલ રો-હાઉસ, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. (અઠ્ઠાઈ તપ, ગલ્લાના તપ,
નિત્યપુજા દર્શન, ધાર્મિક અભ્યાસ)



**બિયોન સુકેતુભાઈ અશોકકુમાર શાહ**
એ-૫૦૨, કલાદિપ ફ્લેટ્સ, ૧૦૦' ફૂટ રીંગ રોડ
ધનંજય ટાવર પાછળ, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. મો. ૯૩૨૭૫૧૪૩૫૫
(ઉ. ૧૩ વર્ષ) અઠ્ઠાઈ તપ



**મીતા અનીલકુમાર શાહ (ઉ.૧૦)**
૪૦૪, બી.એન. ટાવર,
ટાટા બાગની સામે,
નવસારી.
નિત્યપૂજા, પાઠશાળા



**કોમલ નિમિષભાઈ હસમુખભાઈ ચુડગર**
૧૪, સાનિધ્ય બંગલો, ૧૩૨' રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ. ફોન : ૨૬૭૬૨૩૦૮
ધો-૮, ચિત્રરંગપૂરણીમાં શોખ



**નૈસાર હિતેશભાઈ નરેન્દ્રભાઈ શાહ**
૧૭, અશ્વમેઘ બંગલો, વિ-૫,
સેટેલાઈ રોડ, અમદાવાદ - ૧૫.
ફોન : ૨૬૭૬૬૨૦૦ (ધો. ૪)
(ઉ. ૯ વર્ષ) નિત્યદર્શન, પાઠશાળા



**કવિષ પરાગભાઈ ગાઠાણી**
૨, સ્વીનગર બંગલો, ૧૩૨ રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ. (ઉ.૧ વર્ષ)
નિત્ય દર્શન, નવકાર મંત્રનું શ્રવણ

**મંજુલાબેન ચીનુભાઈ શાહ**
(અગરબત્તીવાળા)
૩, પ્રસાદ પાર્ક, મેડીલીંક હોસ્પીટ પાસે,
સોમેશ્વર જૈન દેરાસર સામે,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાયમી સૌજન્ય : રીષભ ચીરાગકુમાર મહેતા**
૨, સ્વીનગર, સોસાયટી, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

JAMBOODWEEP PRINTERS
94270 36856, 98798 96170